# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
ફો.(ઓ) : ૦૨૮૫–૨૬૮૧૪૦૦
Website : http://www.bknmu.edu.in Email. : info@bknmu.edu.in


પરિપત્રઃ-

વિષયઃ-"અખિલ હિંદ અંધ ધ્વજ દિનની ઉજવણી ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૦"ના રોજ કરવા બાબત.
સંદર્ભઃ-રાષ્ટ્રીય અંધજન મંડળ, જિલ્લા શાખા, જૂનાગઢનાં પત્ર નં.NAB/25/20-21, તા.20/08/2020.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ જિલ્લાની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોનાં પ્રાધ્યાપકશ્રીઓ તથા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોનાં અધ્યક્ષશ્રીઓને ઉપર્યુક્ત સંદર્ભ પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે, પ્રતિ વર્ષની જેમ ચાલું વર્ષે પણ આગામી તા.૧૪મી સપ્ટેમ્બર,૨૦૨૦ના રોજ -**"અખિલ હિંદ અંધ ધ્વજ દિન"** ની ઉજવણી સમગ્ર ભારત દેશની સાથે જૂનાગઢ જિલ્લામાં પણ રાષ્ટ્રીય અંધજન મંડળ, જૂનાગઢ દ્વારા કરવામાં આવશે.

પ્રજ્ઞાચક્ષુઓનાં કલ્યાણ અને સર્વાંગી વિકાસ માટે સમાજનાં તમામ વર્ગનો ફાળો ખૂબ આવશ્યક હોય, આપની કોલેજ દ્વારા ભંડોળ એકત્રીત કરી **"રાષ્ટ્રીય અંધજન મંડળ, જૂનાગઢ"** ના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ નીચેના સરનામે મોકલી આપી આર્થિક સહાય કરવા વિનંતી કરવામાં આવે છે.

રાષ્ટ્રીય અંધજન મંડળ જિલ્લા શાખા, જૂનાગઢ,
જૂનાગઢ-વંથલી હાઇવે, મિલન પેટ્રોલ પંપ સામે,
પોસ્ટ બોક્સ-૮, શાપુર(સોરઠ)-૩૬૨૨૦૫,
તા.વંથલી, જી.જૂનાગઢ.
ફોનઃ ૦૨૮૭૨-૨૫૭૩૮૬,
મો.૯૫૧૨૮૨૧૨૧૨, ૯૯૭૮૦ ૩૨૫૭૭, ૮૬૭૩૮ ૮૬૫૮૮.

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૨૦૪૬/૨૦૨૦-૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-૩૬૨ ૨૬૩
તા.૦૫/૦૯/૨૦૨૦

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ જિલ્લાની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ.....

<u>નકલ સાદર રવાનાઃ-</u>

-માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી..

**<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થેઃ-</u>**

-આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા અર્થે.)

રજીસ્ટ્રેશન નં. : F-169 • GUJ - 194 • વિકલાંગ ધારો -1995 અંતર્ગત રજી. નં. : 19/99 • આવક વેરા મુક્તિ -૮૦G હેઠળ
SERVE THE BLIND
तमसो मा ज्योतिर्गमय
# રાષ્ટ્રીય અંધજન મંડળ જિલ્લા શાખા, જૂનાગઢ.
(સરકાર માન્ય સંસ્થા)
ઓફીસ અને સંકુલ : જૂનાગઢ-વંથલી હાઈવે, મિલન પેટ્રોલ પંપ સામે, (પોસ્ટ બોક્ષ - ૮)
શાપુર (સોરઠ) - ૩૬૨ ૨૦૫, જી. જૂનાગઢ. ફોન : ૦૨૮૭૨-૨૫૭૩૮૬, ૯૫૧૨૮૨૧૨૧૨
E-mail : nab_jnd@rediffmail.com PAN : AAATN1511H

વિષય : **૧૪ સપ્ટેમ્બર અખિલ હિંદ અંધ ધ્વજ દિનની ઉજવણી બાબત.**

રાષ્ટ્રીય અંધજન મંડળ, જિલ્લા શાખા, જૂનાગઢ.

અંધજનોની સેવા પ્રવૃત્તિઓ માટે સને ૧૯૮૦ ના વર્ષથી સતત કાર્યરત છે.

આ સંસ્થાને "અખિલ હિન્દ અંધ ધ્વજ દિન" ની ઉજવણીનું કાર્ય સરકારશ્રી તરફથી સોપવામાં આવેલ છે. તે સંદર્ભે આ સાથે આપશ્રીને ધ્વજ, પત્રિકા વિગેરે સાહિત્ય મોકલીએ છીએ.

આપની શાળા, સંસ્થા, કોલેજ, કચેરીઓ, પેઢીઓ, કંપનીઓમાં તેની શાનદાર ઉજવણી કરી, મહત્તમ ફાળો એકત્ર કરી આ સંસ્થાને મોકલી આપવા નમ્ર વિનંતી.

## સંસ્થાની મુખ્ય પ્રવૃતિઓ

**(૧) સ્વ. પી. એમ. ચાંગેલા પ્રજ્ઞાચક્ષુ વૃદ્ધાશ્રમ :**

- પ્રવેશ નિ:શુલ્ક પ્રજ્ઞાચક્ષુ વૃધ્ધો માટે. (નાત જાતના ભેદભાવ વગર)
- જીવન જરૂરી તમામ સવલતો વિના મૂલ્યે.
- ઘરથી વિશેષ ઘર, પ્રેમ, આદર ભાવની પ્રાપ્તિ.
- નિત્ય સત્સંગ સભા.

**(૨) અંધજન પુસ્તકાલય (વાંચન અને શ્રાવ્ય)**

- અમૂલ્ય જ્ઞાનવર્ધક ૫૦૦૦ બ્રેઈલ પુસ્તકો, ૫૦૦ સી.ડી./ડી.વી.ડી. ની વિના મૂલ્યે પ્રાપ્તિ (અંધજનો માટે)
- ૪૫૦ પ્રજ્ઞાચક્ષુ સભ્યોને વિના મૂલ્યે જ્ઞાન લાભ.
- ધાર્મિક પુસ્તકો, નવલકથાઓ, વ્યાકરણ ગ્રંથો, કવિતાલક્ષી સાહિત્યનો અનોખો ભંડાર.

**(3) સરકારશ્રીની વિકલાંગ બાળકો માટેની માધ્યમિક કક્ષાએ સંમિલિત શિક્ષણ યોજના (સમગ્ર શિક્ષા અભિયાન)**

(IEDSS - Inclusive Education for disabled at secondary stage)

- ધો. ૯ થી ૧૨ના ઉચ્ચશિક્ષણ માટે સરકારશ્રીની સર્વગ્રાહી સંમિલિત શિક્ષણ યોજના.
- વિશિષ્ટ શિક્ષકો દ્વારા અંધ, અંશતઃદૃષ્ટિવાન, શ્રવણમંદ, માનસિક ક્ષતિવાળા બાળકો, અસ્થિ વિષયેક માટે વ્યક્તિગત માર્ગદર્શન અને સમસ્યા મુક્ત શિક્ષણ.
- જમા અભ્યાસક્રમ (Plus Curriculum) વિકલાંગ વ્યક્તિગત સ્વચ્છતા, આત્મ વિશ્વાસ, પર્સનલ ડેવલપમેન્ટ, સામાન્ય જ્ઞાનની પૂર્તિ માટે સતત પ્રયત્નો.
- સમગ્ર જૂનાગઢ જિલ્લામાં આ યોજના સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે.

**(૪) પ્રજ્ઞાચક્ષુ કુમાર અને કન્યા છાત્રાલય**

- વિના મૂલ્યે પ્રવેશ તેમજ જીવન જરૂરી સવલતો વિના મૂલ્યે દાતાઓના સહકારથી તમામ જરૂરિયાતો પૂરી પાડવામાં આવે છે.
- પુસ્તકો, કેસેટો અને આવાસની સુવિધા.

(૫) લેસર કોમ્પ્યુટરાઈઝડ્ બ્રેઈલ પ્રોડક્શન સેન્ટર :

* મોડર્ન ટેકનોલોજીનો મહત્તમ તેમજ દિવ્યાંગ વિદ્યાર્થીઓને લાભ.
* ધો. ૧ થી ૧૨ ના શૈક્ષણિક પાઠ્યપુસ્તકોનું કોમ્પ્યુટરાઈઝડ્ બ્રેઈલીકરણ અને અન્ય ઉપયોગી પુસ્તકોનું કોમ્પ્યુટરાઈઝડ્ બ્રેઈલીકરણ.

(૬) સંગીત વિદ્યાલય :

* પ્રારંભિકથી વિશારદ સુધીનું અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડળનું શિક્ષણ કેન્દ્ર.

(૭) ઔદ્યોગિક તાલીમ સહ ઉત્પાદન કેન્દ્ર :

* દિવ્યાંગોને બુક બાઈન્ડીંગ, ફાઈલ, ખુરશીકામ, નેતરકામ વિગેરે તાલીમ આપવામાં આવે છે તથા ઉત્પાદન કરવામાં આવે છે.
* સરકારશ્રી દ્વારા આ સંસ્થાને ટેન્ડર મુક્તિ મળેલ છે.

**દિવ્યાંગોને [illegible] સૌરાષ્ટ્રનું ગરિમાપૂર્ણ સંસ્થાન**

નમ્ર નિવેદન

* ગતવર્ષે દરમ્યાન શાળા / સંસ્થાઓનો અતિ વિશિષ્ટ દાન આપનારને રાજ્ય કક્ષાએ વિશિષ્ટ નોંધ લઈ બિરદાવમાં આવેલ છે. આ ઉપરાંત સહકાર આપતી તમામ શાળાઓ, માધ્યમિક – ઉ.માધ્યમિક શાળાઓ, કોલેજ, સંસ્થાઓના અમે ખૂબ જ આભારી છીએ. ખૂબ ખૂબ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવીએ છીએ.
* દર વર્ષે આ સંસ્થાની સેવા પ્રવૃત્તિઓના નિભાવ ખર્ચ પેટે આપના તરફથી અમૂલ્ય સહયોગ મળે છે તે ખરેખર ઉલ્લેખનિય છે, આ સંસ્થા માત્ર દાન ધર્માદા પર જ ચાલે છે, તે આપ જાણો જ છો. વર્તમાન સમય સંજોગોને ધ્યાનમાં લઈ આપના તરફથી મળતું દાન આ સંસ્થાને જ મળે અને આ સેવાકાર્યમાં વિશેષ સહયોગી બનો અને Joy of Giving આપ્યાનો આનંદ મેળવો તેવી અભ્યર્થના સાથે.

ખાસ નોંધ

* આપનો અમૂલ્ય ફાળો "રાષ્ટ્રીય અંધજન મંડળ, જૂનાગઢ" ના નામે ચેક, ડ્રાફ્ટ, મનીઓર્ડરથી, નેટ બેંકિંગ/Online અથવા રૂબરૂ જૂનાગઢ વંથલી હાઈવે, મિલન પેટ્રોલપંપ સામે, જૂનાગઢને પહોંચાડવા વિનંતી.
* આપ અમારા બેંક એકાઉન્ટમાં ડાયરેક્ટ પણ નાણાં જમા કરી શકો છો. વિગત : Bank of Baroda - College Road Branch, Junagadh. બચત ખાતા A/c No. 18660100003256, IFSC Code : BARB0COLJUN
* સરકાર માન્ય સંસ્થા રાષ્ટ્રીય અંધજન મંડળ, જિલ્લા શાખા જૂનાગઢને જ "અખિલ હિન્દ અંધધ્વજ દિન" નો ફાળો એકત્ર કરવાની સરકારી માન્યતા મળેલ છે.
* આ સંસ્થાને અપાયેલ દાન આવકવેરાની કલમ 80(G) હેઠળ કર રાહતને પાત્ર છે.


સંપર્ક સૂત્ર

| બળદેવસિંહ કે. સરવૈયા | હિરાભાઈ બી. પટેલ | પુરુષોત્તમભાઈ આર. અકબરી |
|---|---|---|
| પ્રમુખ | ઉપપ્રમુખ | માનદ્‌મંત્રી |
| મો. ૯૧૦૬૨ ૨૩૭૦૦ | મો. ૯૭૨૫૪ ૪૫૯૯૯ | મો. ૯૯૭૯૪ ૦૯૭૬૩ |

રાષ્ટ્રીય અંધજન મંડળ, જિલ્લા શાખા, જૂનાગઢ.